Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા** **સમય : ૧:૦૦ કલાકે**
**તા.૧૬–૦૬–૨૦૨૧**

## : કાર્યસૂચિ – ૩ :

**૫૫.** તા.૧૫-૦૬-૨૦૨૧ ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૩, ૪, ૫, ૬, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ અંગે વિચારણા કરવા બાબત......
બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(બિડાણ : ૪૮ )
(હિસાબી)

**૫૬.** સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોના પ્રથમ વર્ષના પ્રવેશની કાર્યપધ્ધિતી અંગે વિચારણા કરવા બાબત.

**સુચિત કાર્યપધ્ધિતી**

- સંપૂર્ણ પ્રક્રિયા ઈમેલ તથા ડેશ બોર્ડ આધારીત રહેશે. એસ.એમ.એસ. મરજિયાત રહેશે.
- પ્રવેશ પ્રક્રિયા સમયસર ચાલુ કરી શકાય તે હેતું થી યુ.જી. ના પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા ધોરણ–૧૦ ને આધારે તથા પી.જી.ના ફોર્મ ભરવાની પ્રક્રિયા સેમેસ્ટર–૬ નો સીટ નંબર અથવા એસ.પી.આઈ.ડી. ને આધારે સ્તવરે ચાલુ કરાવવાની રહેશે. યુ.જી. કક્ષાએ ધોરણ–૧૨ અને પી.જી.કક્ષાએ સબંધિત સ્નાતક કક્ષાના પરિણામને આધારે મેરીટ યાદી તૈયાર થશે અને મેરીટ લીસ્ટ થી મેરીટના ધોરણે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે.
- સ્નાતક કક્ષાએ પ્રવેશ પ્રક્રિયામાં ડીસેન્ટ્રાલાઈઝ પધ્ધતિથી કોલેજ કક્ષાએ ઓનલાઈન કાઉન્સીલીંગ કરીને કરવાની રહેશે તથા અનુસ્નાતક કક્ષાએ યુનિવર્સિટી કક્ષાએસેન્ટ્રાલાઈઝ પધ્ધિતીથી ઓનલાઈન કાઉન્સીલીંગથી કરવાની રહેશે.
- સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા મેરીટ આધારીત રહેશે તેમજ મેરીટ નંબર ૧ થી ૧૦૦ ને પ્રવેશ આપ્યા બાદ ફરીથી ૧ થી ૨૦૦ મેરીટ નંબરને પ્રવેશ ઓફર કરી શકાશે. પરંતુ કોઈ પણ સંજોગોમાં મેરીટ નંબર ૧થી ૧૦૦ જે પ્રવેશ આપ્યા બાદ મેરીટ નંબર ૧૦૧ ને બાકાત રાખીને સીધો મેરીટ નંબર ૧૦૨ ને પ્રવેશ આપી શકાશે નહિ.
- ટોકન ફી પેટે રૂા.૨૦૦૦/ લેવાના રહેશે.
- પ્રવેશ પ્રક્રિયા ચાલુ થયા બાદ દર ૧૫ દિવસે પ્રવેશ પ્રક્રિયા જે સ્થિતએ પહોંચી હોય તે સ્થિતએ થંભાવી નવા વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની તક આપવાની રહેશે તથા જે વિદ્યાર્થીએ ફોર્મ ભરેલા છે તે વિદ્યાર્થીઓને તેમની ચોઈસ (કોલેજ) માં સુધારો કરવાની તક આપી તે મુજબ મેરીટ યાદી અપડેટ કરી પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે.
- પ્રવેશ ફોર્મ ચકાસણી ધોરણ–૧૨ નું પરિણામ તેમજ સ્નાતક કક્ષાના પરિણામ આવ્યા બાદ જે તે કોલેજની મદદ લઈ પ્રથમ વેરીફીકેશન કરવાનુ રહેશે અને દ્વિતીય વેરીફીકેશન યુનિવર્સિટી કક્ષાએ કરવાનું રહેશે.

(એકેડેમિક)

**૫૭.** **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/ ૮૧૫૧/૨૦૨૧ **ઈ.ચા.કુલસચિવ**
તા. ૧૫–૦૬–૨૦૨૧

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**